# ૧૯ જૂન –૨૦૧૬ (રવિવાર)

**(૧) ફાધર્સ ડે :**

- દુનિયાભરમાં ફાધર્સ ડે અલગ–અલગ દિવસે ઉજવવામાં આવે છે.
- ભારતમાં અમેરીકાની જેમ જ જૂન મહિનાના ત્રીજા રવિવારે આ દિવસ ઉજવાય છે.

**(૨) ચેતન ચૌહાણ NIFT ના ચેરમેન બન્યા :**

- પૂર્વ ક્રિકેટર રહી ચુકેલા ચેતન ચૌહાણની નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (..) ના ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- તેઓ હાલમાં દિલ્હી જિલ્લા ક્રિકેટ સંઘ (..) ના ઉપાધ્યક્ષ અને બીસીસીઆઇ ના વરિષ્ઠ અધિકારી છે.

**(૩) બુધિયાસિંહ બોર્ન ટુ રન' – ફિલ્મ**

- આ ફિલ્મ વિશ્વના સૌથી નાની ઉંમરના દોડવીર બુધિયાસિંહની વાર્તા ઉપર છે.
- બુધિયાસિંહએ ૪૮ મેરેથોનમાં ભાગ લીધો હતો.
- તેણે ભુવનેશ્વરથી પુરી સુધીનું ૬૫ કિલોમીટરનું અંતર માત્ર ૭ કલાક અને ૨ મિનિટમાં પુરૂ કર્યું હતું.
- આ સમયે તેની ઉંમર માત્ર ૫ વર્ષની હતી.
- તેનો જન્મ વર્ષ ૨૦૦૨માં ઓડિશાના ભુવનેશ્વરમાં થયો હતો.
- ફિલ્મના દિગ્દર્શક : સૌમેન્દ્રી પૈઢી
- ફિલ્મમાં બુધીયાસિંહની ભુમીકા મયુર પટોલેએ નિભાવી છે.

**(૪) ચેમ્પિયન્સ ટ્રોફી – હોકી : ૨૦૧૬**

- હોકી ચેમ્પિયન્સ ટ્રોફી– ૨૦૧૬માં ભારતીય ટીમે શાનદાર દેખાવ કરતાં સિલ્વર મેડલ મેળવ્યો
- ફાઇનલ મુકાબલામાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૦–૦ થી રોકી રાખ્યું હતુ પરંતુ પેનલ્ટી શુટઆઉટમાં ભારતનો ૧–૩ થી પરાજય જયો.
- વર્ષ ૧૯૭૮થી રમાતી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે સૌપ્રથમ વખત સિલ્વર મેડલ જીત્યો.
- ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ૩૪ વર્ષ બાદ બીજો મેડલ જીત્યો, છેલ્લે ૧૯૮૨માં બ્રોન્જ મેડલ જીત્યો હતો.
- ઓસ્ટ્રેલિયાએ ૧૪મી વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી.
- ચેમ્પિયન્સ ટ્રોફીના એવોર્ડ :
- શ્રેષ્ઠ ખેલાડી : ટોબાઉસ હાઉકે (જર્મની)
- શ્રેષ્ઠ ગોલકીપર : જયોર્જ પિનર (બ્રિટન)
- સૌથી વધુ ગોલ – માર્કો મિલ્ટાકાઉ (ચાર ગોલ જર્મની)
- શ્રેષ્ઠ યુવા ખેલાડી– હરમન પ્રીતસિંહ (ભારત)

**(૫) દેશની પ્રથમ ત્રણ મહિલા ફાઇટર પાયલટ વાયુસેનામાં સામેલ થઇ :**

- દેશમાં પ્રથમ વખત ત્રણ મહિલાઓ એરફોર્સના યુદ્ધ વિમાની પાયલટ બની છે.
- રાજસ્થાની મોહના સિંહ, મધ્યપ્રદેશની અવની ચતુર્વેદી અને બિહારની ભાવના કંઠે હૈદરાબાદ સ્થિત એરફોર્સ એકેડમીમાં ૧૫૦ કલાકની અનિવાર્ય ઉડાન તથા મુશ્કેલ ટ્રેનિંગ લઇ વાયુદળમાં ફાઇટર પ્લેન પાયલટ તરીકે સામેલ થઇ.
- હવે કર્ણાટકના બિહારમાં ત્રીજા સ્તરની ટ્રેઇનિંગ આપ્યા પછી આગામી વર્ષ સુખોઇ અને તેજસ જેવા યુધ્ધ વિમાનો ઉડાવવા આપવામાં આવશે.
- ૧૯૯૧થી મહિલાઓ હેલિકોપ્ટર અને ટ્રાન્સપોર્ટ વિમાન ઉડાવે છે.

**(૬) કેનેડામાં અસાધ્ય દર્દીને હવે ઇચ્છામૃત્યુ :**

- કેનેડામાં પણ હવે લોકો ઇચ્છામૃત્યુ માગી શકશે.
- એવા લોકોને ઇચ્છામૃત્યુ અપાશે જેમની સારવાર શક્ય નથી અને રોગ અસાધ્ય હોય.
- સંસદના બંને ગૃહમાં આ માટેના પ્રસ્તાવને મંજુરી અપાઇ હતી અને હવે તે કાયદો બની ગયો છે.

પ્રશ્નો :

(૧) ફાધર્સ ડે ક્યારે ઉજવાય છે ?
- જૂન મહિનાના ત્રીજા રવિવારે

(૨) તાજેતરમાં NIFT ના ચેરમેન પદે કોની નિયુક્તિ કરાઇ ?
- ચેતન ચૌહાણ

(૩) NIFT નું પુરૂનામ જણાવો.
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી

(૪) 'બુધીયાસિંહ : બોર્ન ટુ રન' ફિલ્મ કોના ઉપર બની છે ?
- વિશ્વના સૌથી નાની ઉમરના દોડવીર બુધિયાસિંહ

(૫) બુધિયાસિંહનું વતન.. ?
- ભુવનેશ્વર, ઓડિશા

(૬) ફિલ્મમાં બુધિયાસિંહની ભૂમિકા કોણ નિભાવશે ?
- મયુર પટોલે

(૭) ફિલ્મના દિગ્દર્શક... ?
- સૌમેન્દ્રી પેઢી

(૮) ચેમ્પિયન્સ ટ્રોફી હોકી–૨૦૧૬ વિજેતા ?
- ઓસ્ટ્રેલિયા

(૯) ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતને કયો મેડલ મેળવ્યો ?
- સિલ્વર મેડલ

(૧૦) ચેમ્પિયન્સ ટ્રોફી–૨૦૧૬ના એવોર્ડસ્માં કયા ખેલાડીને શ્રેષ્ઠ યુવા ખેલાડી તરીકે એવોર્ડ અપાયો ?
- હરમનપ્રીતસિંહ (ભારત)

(૧૧) દેશની પ્રથમ ત્રણ મહિલા ફાઇટર પાયલટના નામ જણાવો.
- મોહના સિંહ – રાજસ્થાન
- અવની ચતુર્વેદી – મધ્યપ્રદેશ
- ભાવના કંઠ – બિહાર

(૧૨) તાજેતરમાં કયા દેશે અસાધ્ય રોગ માટે દર્દીને ઇચ્છામૃત્યુની પરવાનગી આપી ?
- કેનેડા